# વાર્તાનો મહીમા

–મહાવીર ત્યાગી

“સ્ટેશન માસ્તર સાહેબ, આજે પીતાજી નહીં જાય, તમે ગાડીને વહેલી રવાના કરી દેજો...”. ગમે તે આડોઅવળો નંબર જોડી, સાડા ચાર વર્ષનો મારો પૌત્ર અનીલ, ઉપર પ્રમાણે ફોન કરીને મારી પાસે આવ્યો અને મને કહ્યું : “પપ્પા, મેં રેલવેવાળાને કહી દીધું છે કે આજે તમારે મોડું થશે એટલે રેલવેવાળા ગાડીને રોકી રાખશે. તમે ધીરે ધીરે ખાજો અને પછી આરામ કરીને સ્ટેશને પહોંચજો.”

આવડા અમથા નાનુએ પહેલી વાર આટલી મોટી ચાલાકી શરૂ કરી ! મારે રાતે દહેરાદુન જવું હતું, સીટ રોકાઈ ગઈ હતી અને બીસ્તરો બન્ધાતો હતો. હું બહાર જાઉં તે એને ગમતું નથી; કેમ કે એ રોજ રાતે મારી જોડે સુએ છે અને વાર્તાઓ સાંભળે છે. દીવસમાં કેટલીય વાર એ એની માની ફરીયાદો લઈને મારી પાસે આવે છે અને માને ધમકાવવા કહે છે. હું અમસ્તો જ કહી દઉં છું : ‘ખબરદાર, કોઈએ મારા નાનુને સતાવ્યો છે તો !’ પછી એના ભણી જોંઉં છું તો એ વળી કહે છે, ‘પપ્પા, માને એવી તો ધમકાવો કે એ રડી પડે.’ એ પણ ખોટેખોટું રડી લે છે. અમારાં બધાંનો એવો ખ્યાલ છે કે આખા ઘરમાં નાનુ મને વધારે પ્રેમ કરે છે. આજે મેં એની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. મેં એને પુછ્યું : “નાનુ, તું મારી સાથે દહેરાદુન આવીશ કે માની સાથે દીલ્હીમાં રહીશ ?” એણે વારાફરતી બહુ વાર બન્ને તરફ જોયું અને એની માની તરફ જતાં બોલ્યો : “મારી માની જોડે.” એમ તો હું જાણતો જ હતો કે પરસેવા કરતા લોહીના સમ્બન્ધ વધારે ગાઢ હોય છે. એમ છતાં પસ્તાવો થયો કે આ કેવો ગઠીયો છે–કાગળીયાં તો મારાં ફાડે છે, રાતદીવસ માંકડાનાં બચ્ચાની જેમ મારી પાછળ પાછળ ફરતો રહે છે; છતાં પ્રેમ રાખે છે એની મા પર જ !

એની ટેલીફોનવાળી વાત સમ્ભારીને મને ખરેખર ગ્લાની થઈ આવી. ખરું જોતાં દોષ મારો જ છે. આજ લગીમાં એ જે કંઈ શીખ્યો છે તે મારી પાસેથી જ શીખ્યો છે. હું જ એવો છું કે જેના મોં પરથી હજી દુધ સુકાયું નથી, એવા નીર્દોષ નાના પૌત્રના માનસીક વીકાસમાં ઝેરવાળાં ઈન્જેક્શન ભોંકું છું. કહેવાય છે તો એમ કે આપણે મોટેરાંઓ, બાળકોને રમાડીએ છીએ; પરન્તુ હકીકતમાં તો એમને રમાડવાને બદલે જાતે જ એમની જોડે રમી લઈએ છીએ. એ આપણાં રમકડાં છે ને એમની જોડે રમીને મનને ખુશ કરી લઈએ છીએ. એમના બહાના હેઠળ નચાય તેટલું નાચીએ છીએ અને ગવાય તેટલું ગાઈએ છીએ; રમત કરીએ છીએ, કુતરાં–બીલાડાની બોલી બોલીએ છીએ. એ વખતે દુનીયાની કોઈ વસ્તુ આપણું હાસ્ય રોકી શકતી નથી.

‘જો, આ બીલાડી આવી; ઓ કાગડા, નાનુનો કાન પકડીને ઝાડ પર લઈ જા તો !’ ત્યારે એ બોલે : ‘કાગડા કાગડા, ના આવીશ નીચે. મારા પપ્પા તને પકડીને ગજવામાં ઘાલી દેશે.

પછી રહેજે રડતો. હા...' કોઈ વાર એ મુઠીમાં પૈસો બન્ધ કરી છુમન્તર વડે ઉડાવી દે છે અને કહે છે : 'ચકલી લઈ ગઈ.' મારી માફક એ પણ 'છુમન્તર કાલી કલકત્તેવાલી' એમ બોલીને ચીજો છુપાવતો થયો છે. હું એની મઝા માણું છું. રોજ રાતે વાર્તા કહેવી પડે છે. પણ રોજ રાતે તો નવી વાર્તાઓ ક્યાંથી કાઢું ? મનમાં ઉપજાવેલી સાચી–ખોટી વાર્તાઓ કહેવી પડે છે. અને એ પણ કેવી ? ચોરની, તફડંચી કરનારની, ભુતપ્રેતની, ઠગની, ખીસ્સાકાતરુની, શરાબી કે પાગલની, તેતર–બટેરની – જે આપણને પોતાને ગમે તે વાતો સમ્ભળાવતા રહીએ છીએ. અને એ જ પ્રકારની મજાક કરીએ છીએ. જે દીવસોમાં એના ભાવી ચારીત્ર્યનો અને એના પ્રારબ્ધનો પાયો ચણવાનો હોય છે–બે વર્ષથી તે સાત વર્ષની વય સુધી–ત્યારે જે આપણે એના મન ઉપર સ્વાર્થ, ભય, લાલચ ચોરી, ચાલબાજી, કતલ, ખુન અને બદમાશીના કુસંસ્કાર ઠાંસીઠાંસીને ભરીએ છીએ–જાણે કોઈ વીશાળ ભવનના પાયા ઠોકીઠોકીને પુરી રહ્યા છીએ. મુળમાં પડેલા આ ઝેરીલા સંસ્કારો જ્યારે વધે છે, ત્યારે ઉંચામાં ઉંચો ધર્મનો ઉપદેશ એને કંઈ બચાવી શકતો નથી. આપણા જ હાથે આપણાં સન્તાનોને ચારીત્ર્યહીન બનાવી આપણે જીન્દગીભર પસ્તાવો કરીએ છીએ. મને તો લાગે છે કે દરેક વ્યક્તીના ચારીત્ર્યમાં એના નાનપણની ઝાંખી જરુર થાય છે. આથી તો મોટાઓ કહી ગયા કે, : 'પુત્રનાં લક્ષણ પારણામાં.'

કેટલાંક વર્ષોથી વીલાયતમાં કામ કરતા એક દાક્તર થોડા દીવસ માટે દીલ્હી આવ્યા હતા. એમના હસવાનો ઢંગ જોઈને મેં જાણી લીધું કે શ્રી રાજગોપાલાચાર્યની નીકટમાં તેઓ રહ્યા હશે. એમને આ સાંભળી નવાઈ લાગી. હતું પણ એમ જ, નાનપણથી એ રાજાજીની સાથે જ રમ્યા હતા અને ભણ્યા હતા.

આપણી સરકાર ભારતની પ્રગતી કાજે ભાતભાતની યોજનાઓ ઘડી રહી છે. આર્થીક મુશ્કેલીઓનો સામનો પણ કરી રહી છે; છતાં પણ પ્રશ્ન આ છે : વેપારઉદ્યોગ, વીજ્ઞાન કે આર્થીક નીતીમાં આગળ વધીએ તો પણ; આપણો નૈતીક વીકાસ ન થયો હોય તો, એ બધાથી કશો લાભ થવાનો છે ? આજે ઉઘાડી આંખે આપણાં સન્તાનોનો નૈતીક હ્રાસ જોઈ રહ્યા છીએ. શાળા–કૉલેજોમાં બાળકોને શીસ્તની તાલીમ આપવાથી આ નુકસાન મટવાનું નથી. એ માટે તો જે નાનાં બાળકો એમની માતાની પાસે સુતાં સુતાં વાર્તાઓ સાંભળવા માટે અધીરાં બન્યાં હોય છે, તેમને આપણે સાંભળવાં જોઈશે. આ વાર્તાઓ નૈતીક ઉત્થાન માટે રામબાણ ગોળીઓ જેવી છે. આજે તો કોઈ માને આદર્શ કહાણીઓ યાદ જ નથી ! અને તોયે એ મા હોય કે બીજું કોઈ હોય – એને શો અધીકાર છે કે ભાવી નાગરીકોના સંસ્કારોને એ જન્મથી જ રોગી બનાવી દે ?

ભારત સકારની ફરજ છે કે મનોવીજ્ઞાનના પંડીતોનું એક બોર્ડ બનાવે. એ લોકો એક જાહેરાત કરે કે ભારતની તમામ ભાષાઓના લેખકો સારામાં સારી વાર્તા લખે અને એમાંથી જે વાર્તાઓ બાળકોને કહેવા જેવી વાર્તાઓના 'અબોધ શીક્ષાકોશ'માં સ્વીકારી શકાય એવી સારામાં સારી વાર્તાઓને પસંદ કરી, દરેક વાર્તા દીઠ એક સો રુપીયા(સને ૧૯૬૦ના દરના)નું ઈનામ

આપે. આ રીતે એકઠી કરેલી બધી વાર્તાઓ બાળકોનો વીકાસ ધ્યાનમાં રાખીને બે વર્ષથી તે સાત વર્ષનાં બાળકો માટે છ પુસ્તકોમાં દરેક ભાષામાં છાપવામાં આવે અને તેની એક કરોડ નકલ ઘરઘરમાં મફત વહેંચી આપે.

મારી એવી પણ સલાહ છે કે રોજ રાતે સાડા આઠ વાગ્યે ઓછામાં ઓછી એક વાર્તા રેડીયો પર બાળકોને એમની ભાષામાં સંભળાવવામાં આવે. જો ભારતને ઉંચે લઈ જવો હોય તો એનો પાયો આ રીતે મજબુત કરવો પડશે.

**–મહાવીર ત્યાગી**

લેખકના ‘નગારખાનામાં તતુડીનો અવાજ…’ (પ્રકાશક : સસ્તું સાહીત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–2, પ્રથમ આવૃત્તી : 1962, ત્રીજી આવૃત્તી : 2001, પાન : 152, મુલ્ય : રુપીયા : 20, પ્રાપ્તીસ્થાન : લોકમીલાપ ટ્રસ્ટ, ભાવનગર : lokmilaptrust2000@yahoo.com ) પુસ્તકના પાન 124થી 128 ઉપરથી સાભાર..

લેખકનો પરીચય અને એમના બીજા બે સરસ મઝેના લેખો – 144. ગાંધીનો દાંડી પીટનારો તા.09-03-2008 અને 181. ‘મારી ખીર શરુ કરાવી દે’ તા. 20-12-2009 વાંચવા નીચેની લીંક http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM પર ક્લીક કરી, તે પરથી તે વાંચવા ખાસ વીનન્તી કરું છું.. ઉત્તમ ગજ્જર

**‘સન્ડે ઈ-મહેફીલ’ - વર્ષઃ સાતમું - અંકઃ** 231 – November 20, 2011

**‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર** - uttamgajjar@gmail.com

@@@@@

**More than 1,06,66,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com**
**More than 9,50,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com**
**More than 1,90,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com**

@@@@@@@